પ્રાપ્તિ તારીખઃ ૧૫/૧૧/૨૦૨૫
નોંધ્યા તારીખઃ ૧૫/૧૧/૨૦૨૫
ફેંસલ તારીખઃ ૨૬/૦૫/૨૦૨૬
સમય – વર્ષ માસ દિવસ.

સત્યમેવ જયતે

**મે. માંગરોલના ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં.મુ.માંગરોલ**

ફોજદારી કેસ નંબર : ૩૪૭૨/૨૦૨૫
આંક : –

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| | વિરૂધ્ધ |
| આરોપી | સંતોષભાઇ દશરથભાઇ આહીર. રહે.અટક પારડી ગામ, પાઠ ફળીયુ, એક વિરા માતા મંદીર પાસે, તા.જી.વલસા. |
| ગુન્હો | ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૩૨૪(૪) તથા મો.વ્હી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબ. |
| ફરીયાદપક્ષ | વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.આર. વસાવા. |
| બચાવપક્ષે | વિધ્વાન વકીલ શ્રી ઝેડ.ડી. પરમાર. |

**– ઠ રા વ –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હિકકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૭/૨૦૨૫ ના કલાક ૧૪/૦૦ વાગે નરોલીગામની સીમમાં નરોલી કટ પાસે મુંબઇ થી અમદાવાદ જતા ને.હા નં–૪૮ ના પ્રથમ ટ્રેક ઉપર તા.માંગરોલ જી.સુરત ખાતે પોતાના કબ્જાની બસ નં. MH–09–FL–0067 નાઓએ પોતાના કબ્જાની બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આગળ જતા ટેલર નં– GJ–16–AY–3459 ની પાછળના ભાગે અથડાવી દઈ બસને આગળના ભાગે નુકાશન કરી ગુનો આચરી ભારતીય

ફોજદારી ધારાની કલમ – ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૩૨૪(૪) તથા મો.વ્હી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪ હેઠળના ગુન્હા બાબતે આરોપી વિરુઘ્ધ ફરિયાદ નોંધવામાં આવેલ હતી.

(૨) આ કામના ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી તપાસના અંતે આરોપી વિરુઘ્ધ ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ કરેલ છે.

(૩) અદાલતમાં ચાર્જશીટ રજૂ થતાં આરોપીને સમન્સ કાઢવામાં આવતાં આરોપી નામ. કોર્ટમાં રૂબરૂ હાજર થતાં તેઓને તેમની વિરુઘ્ધ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામેના ગુનાની વિગત વાંચી, સંભળાવી, સમજાવતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતાં તેઓનું નિવેદન નોંધવામાં આવેલ છે . ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા**

| | | |
|---|---|---|
| ૧. | સાહેદ હાસીબઉલ્લા સમીઉલ્લાની જુબાની. | ૦૫ |
| ૨. | ફરીચાદી તુકારામ જીપ્પર સાંહેની જુબાની. | ૦૭ |

**દસ્તાવેજી પુરાવા**

| | | |
|---|---|---|
| ૧. | ફરીચાદ. | ૦૮ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૦૯ |

(૫) ઉપરોકત પુરાવો રજૂ કર્યા બાદ ફરીચાદીએ આંક–૧૦ થી પુરાવા બંધનું પુરશીષ આપી તેઓ પુરાવો આપવા માંગતા ન હોવાનું જાહેર કરેલ . ત્યારબાદ ફરિયાદપક્ષનો રજૂ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપી સામે

બી.એન.એસ.એસ. ની કલમ– ૩૫૧ મુજબનું નિવેદન નોંધવાપાત્ર પુરાવો ન હોવાથી બી.એન.એસ.એસ. ની કલમ– ૩૫૧ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ નથી. તે બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૬) કેસની હકીકતો બંને વિ.વ.શ્રીઓની દલીલો લક્ષ્યમાં લેતાં , આ કેસના નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયા છે .

– મુ દ્દા –

૧. શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૭/૨૦૨૫ ના કલાક ૧૪/૦૦ વાગે નરોલીગામની સીમમાં નરોલી કટ પાસે મુંબઈ થી અમદાવાદ જતા ને.હા નં–૪૮ ના પ્રથમ ટ્રેક ઉપર તા.માંગરોલ જી.સુરત ખાતે પોતાના કબ્જાની બસ નં. MH–09–FL–0067 નાઓએ પોતાના કબ્જાની બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આગળ જતા ટેલર નં– GJ–16–AY–3459 ની પાછળના ભાગે અથડાવી દઈ બસને આગળના ભાગે નુકાશન કરી ગુનો કરી ભારતીય ફોજદારી ધારાની કલમ – ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૩૨૪(૪) તથા મો.વ્હી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

મુદ્દા નં.૦૧ : – નકારમાં

મુદ્દા નં .૦૨ : – આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છેઃ ::

**– કા ર ણો –**

(૯) **મુદ્દા નં.૧ :**

(૯/૧) ફરિયાદપક્ષે આંક –૦૫ થી સાહેદ હાસીબઉલ્લા સમીઉલ્લાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "હુ છેલ્લા ચાર વરસથી સ્પેસીફીક મેરીટાઇમ પ્રા.લી. ના ટ્રેલર નં. જી.જે. ૧૬ એ વાય ૩૪૫૯ ઉપર ડ્રાયવર તરીકે નોકરી કરી. મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છુ. ગઈ તા. ૧૨/૭/૨૦૨૫ ના રોજ હુ સવારના આ ટ્રેલર લઈને સુરત હજીરાથી વડાદરા ખાતે જતો હતો ત્યારે નાની નરોલી ગામ પાસે મુંબઈથી અમદાવાદ જતા હાઈવે ઉપર અચાનક મારી આગળ એક વાહન આવી જતાં મે બ્રેક મારેલી જેથી ટ્રેલરના પાછળના ભાગે કોઈ વાહનનો અંથડાવાનો અવાજ આવેલાં. મે મારુ ટ્રેલર સાઇડ ઉપર રાખી નીચે ઉતરીને જોયેલ તો એક વાહન બસને! આગળનો કાચ તુટી ગયેલ હતા જેથી મે બસમા બેઠેલ માણસોને વાત કરતા તેઓએ પાલીસ કંટ્રાલ રુમને ફાન કરતા ટ્રાફીક પોલીસ આવી જતા અકસ્માતવાળા વાહનને ખસેડી લીધેલ. આ અકસ્માત બાબતે બસના કંડકટરે ફરીયાદ આપેલી. પોલીસે મારી પુછપરછ કરેલી. આ અકસ્માત કાની ભુલના કારણે થયેલ તે હુ કહી શકુ નહી કેમકે મારુ ધ્યાન ડ્રાયવીંગ ઉપર હતુ. આ કામના આરોપી નામદાર કોર્ટમાં આવતા તેઓની સાથે મુલાકાત થતા તેઓને હું ઓળખુ છુ."

સદરહું સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન નહિ આપતાં તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી, તેઓની ફરીયાદપક્ષ તર્ફે ઉલટ તપાસ કરવા છતાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને લેષમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહું સાહેદની ઉલટ તપાસ આરોપીના વિ.વ.શ્રી તરફથી કરવામાં આવેલ નથી.

(૯/૨) ફરિયાદપક્ષે આંક –૦૭ થી ફરીયાદી તુકારામ જીપ્પર સાંઠેનાઓને તપાસવામાં આવેલ છે . તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, "હુ મહારાષ્ટ્ર સરકારમાં એસ.ટી. વિભાગમાં કંડકટર તરીકે છેલ્લા ત્રીસ વર્ષથી નોકરી કરુ છુ અને મારી નોકરી પેટ એસ.ટી. ડેપો. તા. પેટ, જી.નાસીક ખાતેની છે. ગઈ તા. ૧૨/૭/૨૦૨૫ ના રોજ હુ તથા મારી સાથેના ડ્રાયવર સંતોષભાઈનાઓની સાથે પુણા ડેપાની પુણાથી વડાદરા જતી બસ નંબર એમ.એચ. ૦૯ એફ.એલ. ૦૦૬૭ ઉપર રાત્રિના અઢી વાગે પેટ ડેપોથી

નીકળી વડોદરા જવા માટે નીકળેલા હતા ત્યારે સવારના આશરે સવા સાતેક વાગ્યાના અરસામાં કીમ ચોકડીથી બે કીલોમીટરના અંતરે મુંબઈ અમદાવાદ હાઈવે ઉપર થયેલા હતા. સવારનો સમય હતો અને આખી રાતનો ઉજાગરો હતો અને હુ કંડકટર સીટ ઉપર બેસેલા હતા. બસને બ્રેક મારતા આગળનો કાચ તુટી ગયેલ હતા. મને તથા બીજા કોઇ પેસેન્જરે!ને કોઇ ઈજા થયેલી નહી. અમારી બસની સાથે અકસ્માત કરનાર ટ્રેલરનો નંબર મે જોયેલો તે જી.જે. ૧૬ એ વાય ૩૪૫૯ નો હતો. આ અકસ્માત બનાવ અંગેની મે ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં ફરીયાદી તરીકેની સહી મારી છે જે હુ ઓળખી બતાવુ છુ. અસલ ફરીયાદને રજુ દાખલ આંક– ૮ આપવામાં આવે છે. અમારી બસને જે નુકશાની થયેલી તેની ભરપાઈ થઇ ગયેલી છે જેથી આ કેસ બાબતે અમારે આગળ કેસ ચલાવવાનો નથી. આ કામના આરોપી મારી સાથેના ડ્રાયવર હોવાથી હુ તેઓને ઓળખુ છુ.

સદરહું ફરીયાદીની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માત થયો તે વખતે તેઓ સુતેલા હતા અને અકસ્માત કોની ભુલને કારણે થયેલા તેની તેમને ખબર નથી.

(૧૦) ફરિયાદપક્ષના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે હાલના કામે ફકત આંક –૦૫ થી સાહેદ હાસીબઉલ્લા સમીઉલ્લાને તથા આ કામના ફરીયાદીને જ તપાસવામાં આવેલ છે. તે સિવાય અન્ય કોઇ સાહેદનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી. સદરહું સાહેદે ફરીયાદપક્ષના કેસની મહત્વની હકીકતોને સમર્થન નહિ આપતા તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરે છે. તેમજ તેઓની આરોપી તર્ફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. જેથી, સદરહું સાહેદના પુરાવાથી હાલના કામના આરોપી સામેના કોઇ આક્ષેપો ફરીયાપક્ષ પુરવાર કરી શકેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે હાલના કામના ફરીયાદીને આંક–૦૭ થી તપાસેલ છે. તેઓ હાલના કામના અકસ્માત થયેલાની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ તેઓએ તેમની સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે, તેઓ આખી રાતનો ઉજાગરો હતો જેથી

તેઓ કંડકટરની સીટ પર બેસેલ હતા અને બ્રેક મારતા આગળનો કાચ તુટી ગયેલ. ત્યારબાદ, તેઓની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માત થયો તે વખતે તેઓ સુતેલા હતા અને અકસ્માત કોની ભુલને કારણે થયેલા તેની તેમને ખબર નથી. આમ, સદરહું ફરીયાદી હાલના કામના અકસ્માત વખતે સુતેલા હતા અને સદરહું અકસ્માત કોની ભુલને કારણે થયેલો તે તેઓને ખબર નહિ હોવાનું જણાવેલ છે. જેથી, હાલના કામનો અકસ્માત હાલના કામના આરોપીના કબ્જાના વાહન ધ્વારા એસ.ટી. બસને થયેલ હોય અને એસ.ટી. બસને નુકશાન થયેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ પોતાના રજુ કરેલા પુરાવા પરથી નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી, આરોપીને આક્ષેપીત ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય તેમ ન હોય ઉપરોકત તમામ હકીકતો ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં મુદા નં .૦૧ નો જવાબ નકારમાં આપી મુદા નં . ૦૨ નો આખરી હુકમ નીચે મુજબ કરુ છું .

**– આખરી હુકમ –**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ– ૨૭૧(૧) અન્વયે ઈ.પી.કો. કલમ ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૨૮૧, ૩૨૪(૪) તથા મો.વ્હી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબના ગુના સબબ શં કાનો લાભ આપી છોડી મૂકવા હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ. ની કલમ– ૪૮૧ અન્વયે અપીલ સમયની મુદતનાં રૂા.૧૫,૦૦૦ /– ના જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

હુકમ આજ તારીખ ૨૬ મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(જે.એસ. પરમાર)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી.,
માંગરોલ, જી.સુરત.
(**Judge Code: GJ**01155)